પીજીવીસીએલ/સીજીઆરએફ/30/ક્વા-03/૨૦૨૧-૨૨/૩૪૭ તા.૧૯.૦૩.૨૦૨૨

૨૦03ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – 30/ક્વા-03/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી બાવન જીવા ભરાડા, ભરત બાવન ભરાડા ગામ – પોરબંદર

સબડીવીઝન: કિર્તિ મંદિર,પોરબંદર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી પોરબંદર

તારીખ: બુધવાર (૨૩-૦૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૩-૦૨-૨૦૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બનેપક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,તા.૧૫/૦૯/૨૦૨૧ ના રોજ આવેલ મિટર રીડર દ્વારા મિટરના અંગે મને જણાવવામાં આવ્યું કે આ બિલ ઓફિસે પુછીને તમને મોકલવામાં આવશે ત્યારબાદ મને સપ્ટે-ઓક્ટોબરનું બિલ ફોલ્ટી સ્ટેટસ હેઠળ૪૫૦ યુનિટનું બિલ આપવામાં આવેલ છે અને ત્યારબાદ મારૂ મિટર બદલાવેલ અને તા.૦૧/૧૧/૨૦૨૧ ના રોજ મને ''C " સ્ટેટસ હેઠળ જૂના મિટરના રિડીંગ

૨૭૯૪૧ અને હાલના રિડીંગ ૩૫૬ લખી (દોઢ મહિના) ૪૫૦ યુનિટનું રૂ૩૦૦૫.૭૬ બિલ આપવામાં આવેલ છે ત્યારબાદ આશરે નવ-દશ દિવસ બાદ મને રૂ.૫૨૮૬૫.૫૬ બિલ જનરેશનનો મેસેજ આવેલ જેની ડ્યુ તારીખ ૨૦.૧૧.૨૦૨૧ હતી.તા.૩૦/૦૯/૨૦૨૧ ના રોજ મને બોલાવેલ અને મિટરની ચકાસણી કરી મને જણાવેલ કે મિટર O K છે અને આ યુનિટ જે વધરે આવેલ તે મિટર રીડર દ્વારા બિલ બનાવતી વખતે અને દર વખતે ઓછા યુનિટ લખેલ તે એક સાથે બતાવેલ છે. સદર બિલ અને અન્ય જરૂરી કાગળો આપવા અંગેની અરજી મેં કિર્તી મંદિર સબ-ડિવીઝનમાં કરેલ હતી અને ત્યારબાદ મને તા.૨૩/૧૧/૨૦૨૧ ના રોજ મને રૂબરૂ બોલાવીને મને લેબ.રિપોર્ટની નકલ અને M R I ની નકલ આપવામાં આવેલ છે. લેબ.રિપોર્ટનો અભ્યાસ કરતાં મને ધ્યાનમાં આવેલ છે કે લેબ.રિપોર્ટમાં જુના મિટરની વિગતમાં સીરીયલ નંબર(૫) માં યુનિટ૧૬૦૦૦ બતાવવામાં આવેલ છે અને સિરીયલ નંબર (૬) માં રિડીંગમાં F મિટર બતાવવામાં આવેલ છે. તમામ સિલો ચકાસણી કરતાં બરાબર જણાય આવે છે. મિટર ટેસ્ટીંગ બેચ પર મિટર ચડાવી જોતાં મિટરની R T C આર.ટી.સી. ફેઈલ જણાય છતાં M R I નો અભ્યાસ કરતાં મિટર M R I ની નકલ પરથી પહેલી નજરે જણાય આવે છે કે History 5 સુધી રિડીંગ O K બતાવે છે. પરંતુ History 4 માં જોતાં (૨૧૫૯૪.૨૦-૧૩૩૯૮.૧૦) ૫૧૯૬.૧૦ યુનિટનો મોટો જમ્પ બતાવે છે અને તેમાં દિવસોની સંખ્યા૧૦૫૫ બતાવે છે. ત્યારબાદ History 3 માં જોતાં (૩૧૭૪૧.૬૦ – ૨૧૫૯૪.૨૦)૧૦૧૪૭.૪૦ યુનિટનો મોટો જમ્પ બતાવે છે અને તેમાં દિવસોની સંખ્યા NIL બતાવે છે.ત્યારબાદ History 2 માં જોતાં (૨૮૧૮૮.૧૦ - ૩૧૭૪૧.૬૦) -૩૫૫૩.૫ યુનિટનો મોટો રિવર્સ જમ્પ બતાવે છે અને તેમાં પણ દિવસોની સંખ્યાNIL બતાવે છે. History 1 માં જોતાં (૩૩૬૬૮.૭૦-૨૮૧૮૮.૧૦) ૫૪૮૦.૬૦ યુનિટનો મોટો જમ્પ બતાવે છે અને તેમાં દિવસોની સંખ્યા ૮૪૯૧ બતાવે છે.ઉપરોક્ત અભ્યાસ કરતાં રિડીંગમાં આટલા મોટા જમ્પ લાગવા એ અસામાન્ય બાબત છે. છતાં MRI નો અભ્યાસ કરતાં બરાબર જણાવી મને રૂ.૪૯૯૨૬.૭૯ નું બિલ ફટકારેલ છે જે મારી સાથે અન્યાય થયેલ છે. MRI ના રિપોર્ટના દિવસોની ગણતરી કરો તો (૮૪૯૧ + ૧૦૫૫ ) ૯૪૫૬ દિવસો બતાવે છે જેને ૩૬૫ દિવસો વડે ભાંગીએ તો આશરે ૨૬ વર્ષ અને ૧૫૩ દિવસો થાય એટલો સમય તો મારા આ ઉતારેલ જુના મિટરને પણ થયો નથી ,આ ઉતારેલ મિટરને આશરે દશ વર્ષ થયાં હશે મેં અધિકારી પાસેથી જાણ્યા મુજબ RTC FAIL એટલે REAL TIME CLOCK FAIL છે તેના તેના આધારે રિડીંગ (યુનિટ) ગણી મને આટલી મોટી રકમનું બિલ ફટકારવું તે સરાસર અન્યાય છે વધારામાં જ્યારે બિલ આવે હું મિટરની સાથે રિડીંગની સરખામણી કરતો અને બિલમાં આવ્યા મુજબ મિટર રીડિંગ બતાવતું. મારા ઘરનો સરેરાશ વપરાશ ૪૦૦ થી ૪૫૦ યુનિટનો છે જ અને નવા લગાડેલ મિટરમાં પણ મને૩૫૬ યુનિટ (દોઢ મહિનાના વપરાશ) નું બિલ ૪૫૦ યુનિટ આવેલ છે અને મેં જુના બિલો ભરી પણ દીધા છે મારા આગળના રેકોર્ડ પણ તપાસી શકો છો. મારા જુના મિટરનો વપરાશ અને નવા મિટરનો વપરાશ સરખો જ છે. ઘર વપરાશના બિલમાં માત્ર બે મહિનામાં આટલો વપરાશ હોય તે સ્વીકારી શકાય તેમ નથી અને રિડીંગમાં આટલો મોટો જમ્પ અસામાન્ય બાબત છે છતાં પણ મને ખોટી રીતે આટલું મોટું બિલ ફટકારેલ છે. આટલી મોટી રકમના બિલની જાણ મને મેસેજથી થયેલ છે અને ફિઝીકલ બિલ મને આપવામાં આવેલ નથી. આટલો વપરાશ તો નાના-મોટા કારખાનામાં પણ થતો નહી હોય જ્યારે

મને ઘર-વપરાશમાં આટલું મોટું બિલ આપેલ છે જ્યારે History 2 માં આવેલ યુનિટ ૨૮૧૮૮.૨૦ બતાવેલ છે તે મારા ઉતારેલ મિટરના રિડીંગ ૨૭૯૪૧.00 સાથે સિકવન્સમાં આવે છે આ બિલ અંગે મારા પર જે અન્યાય થયેલ છે તે ફરિયાદ લઈ આપ સાહેબ પાસે આવેલ છુ તો તેનું યોગ્ય નિરાકરણ લાવવા આપ સાહેબને નમ્ર અરજ છે. ન્યાયની અપેક્ષા સાથે આમ અરજદારશ્રી એ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 કિર્તીમંદિર પેટાવિભાગીય કચેરીમાં શ્રી બાવન જીવા ભરાડા નામથી ગ્રાહક નં.૩૫૧૧૪/૦૧૦૩૨/૮ થી ઘર વપરાશ હેતુનું ૦.૫ કી.વોટ કરારીત વીજભાર ધરાવતુ વીજકનેકશન આવેલ છે. જુલાઈ-ઓગસ્ટ.૨૧ વીજબીલ તા.૧૫.૦૯.૨૦૨૧ ના રોજ F સ્ટેટસમાં બનતા કચેરી દ્વારા તા.૧૮.૦૯.૨૦૨૧ ના રોજ સદર વીજમીટર મીટર રિપ્લેસમેન્ટ રોજકામ નં, ૪૦૪૮ થી ભરી બદલવામાં આવેલ. જે આ સાથે પત્રક-A થી સામેલ છે.

3.૧ સદર બદલાવેલ વિજમીટર નું લેબ પરિક્ષણ મીટર ટેસ્ટીંગ લેબોરેટરી ખાતે ગ્રાહક/ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં તા. ૩૦.૦૯.૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ છે. અને જે મુજબ મીટરનો MRI લીધેલ છે. જેનો અભ્યાસ કરતા બરાબર જણાય આવે છે તેવુ તા. ૩૦.૦૯.૨૦૨૧ ના લેબ ચકાસણી રીપોર્ટમાં જણાવેલ આથી મીટરના ફાઈનલ રીડીંગ ૩૩૭૮૯ ગણી ગ્રાહકને અત્રેની કચેરી દ્વારા સપ્ટે.ઓકટો.૨૧ નું બીલ તા.૦૯.૧૧.૨૦૨૧ ના રોજ રૂ. ૫૦૪૩૨.૭૦ નું વીજબીલ આપવામાં આવેલ. તા.૩૦.૦૯.૨૦૨૧ ના રોજનો લેબ રીપોર્ટ ઉપર જણાવેલ પત્રક-A માં સામેલ છે. તેમજ જરૂરી MRI રીપોર્ટ આ સાથે પત્રક B-1 થી B-2 મુજબ સામેલ છે.સદર ગ્રાહકનું ઓફીસ રેકોર્ડ મુજબ૨૦૧૧ થી જાન્યુ.૨૦૨૨ સુધીના વીજબીલ અને તેના વપરાશ અંગેની વિગત આ સાથે પત્રક C-1 થી C-6 મુજબ સામેલ છે.

3.૨ MRI રીપોર્ટ મુજબ હિસ્ટ્રી 4 માં ૨૧૫૯૪ KWH તા.૧૯.૦૧.૨૦૧૯ ના રોજ બતાવે છે. અને વીજબીલ અને વપરાશ અંગેના જોડેલ પત્રક મુજબ તા.૨૬.૦૨.૨૦૧૯ ના રોજ બનાવાયેલ બીલમાં લેબમાં આવેલ રીડીંગ ૨૧૭૪૮ KWH છે. આમ જરૂરી MRI રીપોર્ટ અને લેબ રીપોર્ટના આધારે પેટાવિભાગીય કચેરી દ્વારા મીટરમાં નોંધાયેલ KWH મુજબ જે વીજબીલ આપવામાં આવેલ છે તે MRI રીપોર્ટ અને લેબ રીપોર્ટ સાથે સુસંગત માલુમ પડે છે આથી ગ્રાહક દ્વારા ભરપાઈ કરવાપાત્ર છે

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે મુદ્દા નં.૩.૧ અને ૩.૨ મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર શ્રી ને જે વીજ બિલ આપવામાં આવેલ છે જે નિયમ મુજબ છે. તેનું લેબ પરીક્ષણ પણ કરવામાં આવેલ છે અને જેમાં મીટર બરાબર જોવા મળેલ છે તથા એમઆરઆઈ રીપોર્ટ પણ કરવામાં આવેલ છે.

૪.૨ અરજદાર શ્રી ને આપવામાં આવેલ બિલ ભરપાઈ કરવા માટે નો અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯